
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ તુલા

**આજના ગ્રહોની કુંડળી**




**ચાંડાલ યોગ અને કાલસર્પ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો.**

**મેષ** સાતમે ચંદ્ર સારો શુભ ગ્રહ છે. આઠમે સ્વગૃહી મંગળ છે. જે શનિની યુતિમાં છે જેથી મિશ્રફળ મળે છે. લક્ષ્મી આવું આવું કરે પણ જોઈતા પ્રમાણમાં આવે નહીં.

**વૃષભ** તમારી રાશિ ઉપર સ્વગૃહી મંગળની શનિ સાથેની યુતિ વાળી દ્રષ્ટિ છે જેથી તમોને જરૂરી ઉત્તમ ફળ મળે નહીં. ચોથે ગુરુ ચાંડાલ યોગ છતાંય સારો છે.

**મિથુન** ધાર્મિક્તા વધારો - કોઈની આંતરડી ઠારશો તો તમારી આંતરડી ઠરશે - દાન - પુણ્ય કરશો તો તમોને વધારે સારું ફળ મળશે - અચાનક ધનપ્રાપ્તિ થાય - વારસો મળે.

**કર્ક** ચોથે ચંદ્ર તેમજ સાતમે બુધ શુક્ર એમ ત્રણ શુભ ગ્રહો કેન્દ્રમાં હોઈ બળવાન યોગ બને છે. આપને હસ્તે દાન - પૂણ્યનું કાર્ય થશે જેનું ફળ આપને અનેકઘણું મળશે.

**સિંહ** રાશિનો માલીક સાતમાં સ્થાનમાં રહીને રાશિને જોતો હોઈ તમારો આજનો દિવસ બહુ જ સારો જશે - નેતાગીરી કરતા હશો તો ઘણી જ ફાવટ આવશે - લોકપ્રિયતા મેળવશો.

**કન્યા** બીજે ચંદ્ર સૌમ્યતા બક્ષે છે. ત્રીજે મંગળ પરાક્રમ કરાવશે - નોકરી - વ્યવસાયમાં ઘણો ફાયદો થશે - પાંચમે બુધ શુક્ર હોઈ તમારા સંતાનો વિદ્યા પ્રાપ્ત કરવામાં એકાગ્રતા કેળવશે.

**તુલા** રાશિમાં ચંદ્ર ઉત્તમ યોગ છે - ચોથે બુધ - શુક્રની યુતિ ઉત્તમોત્તમ યોગ છે - અગિયારમે ગુરુ - રાહુની યુતિનો યોગ પણ તમારી રાશિને મદદરૂપ થાય છે - અતિ સુંદર દિવસ પસાર થશે.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં સ્વગૃહી મંગળ છે જે સારો છે પરંતુ શનિની યુનિના કારણે વિચારવાયુ તેમજ વાયુના રોગો કરાવે. બારમે ચંદ્ર ખર્ચા બચાવે. દસમે ગુરુ મદદરૂપ થશે.

**ધન** બારમે શનિ મંગળની યુતિ વ્યવસ્થાનમાં ખોટા ખર્ચા કરાવે તેમજ વાદવિવાદને ઝઘડાઓ ન કરાવે તેની સાવચેતી રાખવી અને ધ્યાન રાખવું. પત્ની સાથે મતભેદ ન થાય તે જોવું.

**મકર** શુભ યોગો ચાલે છે. આઠમે રાહુ નુકશાન ન કરાવે તે માટે શિવ - પૂજા, શિવ - ભક્તિ કરવી - બાકી બધી રીતે સારું છે - શુભ ગ્રહોની કૃપાદ્રષ્ટિ છે - મજા કરો.

**કુંભ** રાશિમાં થતો કાલસર્પ યોગ - સૂર્ય - ગુરુને દુષિત કરે છે તેથી શક્ય બને તો શિવ-પૂજા કરી આ યોગનું નિવારણ કરવું ‘ઓમ નમઃ શિવાય:’ મંત્રના જાપ કરવા.

**મીન** અગિયારમાં સ્થાનમાં બુધ - શુક્રની યુતિના કારણે આર્થિક ધનલાભનો યોગ છે. છઠ્ઠે રાહુ - ગુરુની યુતિ તમોને મદદ કર્તા છે. ગ્રહો સારા છે - દિવસ સારો જશે.



અનોખી અભિવ્યક્તિ : ગાંધીનગર અંધ શાળા ખાતે પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે જાણીતા આર. જે. આરતી પટેલે અવનવી વાતો ગુરુવારની સાંજે કરી હતી. બાળકોએ પણ પોતાની કાલીઘેલી ભાષામાં પ્રેમપૂર્વક આરતી પટેલ સાથે વાતચીત કરી હતી. બાળકોએ સુંદર ગીતોની પ્રસ્તુતી કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અમાની ગ્રુપ દ્વારા યોજાયેલ સંગીતના કાર્યક્રમમાં બાળકોને મજા પડી હતી. (તસવીર : દિપક જાની)

# ગુજરાતનું યુવા ધન અને ભાવિ પેઢી દારૂના લીધે બરબાદ થઈ

આજરોજ રાજયપાલના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેતા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વિધાનસભામાં આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં વિરોધપક્ષે હકારાત્મક લાગણી અને જે મુદ્દાઓ લઈને ગાંધી ચીંધ્યા માર્ગે ગૃહની મર્યાદામાં રહીને આ ભાષણનો વિરોધ કરેલો, તેના પરિણામે તેઓએ ભાષણ ટૂંકાવ્યું તે બદલ આભાર માન્યો હતો. વાઘેલાએ જણાવ્યું હતું કે વિરોધપક્ષે રાજયપાલના ભાષણ વખતે વિવિધ સુત્રોચ્ચાર કર્યા હતા. તેમાં પાટીદારો જેલમાં, ભાગીદારો મહેલમાં તો ભાગીદારો ક્યા, ક્યાં અને શું તે વિચોર છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શાસનમાં હોવા છતાં દર વખતના બજેટ અને રાજયપાલ ભાષણમાં એકની એક જ વાતો હોય છે. પક્ષે ચૂંટણી વખતે પોતાના કોઠાસુઝવાળા આગેવાનોએ કરેલ સુઝાવ અને પ્રજાને ધ્યાનમાં રાખીને ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હોય છે. તે બાબતોનો રાજયપાલના પ્રવચનમાં અને બજેટમાં સમાવેશ કરવો જોઈએ અને પ્રજાએ મુકેલા વિશ્વાસની પૂર્તિ કરવી જોઈએ. દારૂની રેલમછેલ પ્રજા પાડે જનતા રેડ આજે રાજયમાં દારૂની રેલમછેલ છે. ખુલ્લેઆમ દારૂના અડ્ડાઓ ચાલે છે. રાજયમાં એક કિલોમીટર જગ્યા બાકી નહીં હોય કે જ્યા દારૂની કોથળીઓ ન મળતી હોય. સરકાર દારૂબંધીનો અમલ કરાવવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. ગુજરાતનું યુવાધન અને ભાવિ પેઢી દારૂના કારણે બરબાદ થઈ રહી છે.

## વિકાસદર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. ૧૪માં વેતન પંચની ભલામણો બાદ સંતુલન જાળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. મહેસુલી ખાદના ટાર્ગેટને ૩.૯ ટકાના સ્તર પર મર્યાદિત રાખવાની બાબત શક્ય દેખાઈ રહી છે. હોલસેલ ઈન્ડેક્સ પર આધારિત મોંઘવારી દર એક વર્ષથી પણ વધુ સમયગાળાથી નકારાત્મક સ્તરે છે.

## ટ્વેન્ટી જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયાર છે. જીતના સિલસિલાને જાળવી રાખવા માટે ભારતીય ટીમ તૈયાર દેખાઈ રહી છે. બીજી બાજુ શાહીદ આફ્રિદીના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમ પણ જુના ઈતિહાસને ભુલી જઈનેહરિફ ભારત સામે શાનદાર દેખાવ કરવા ઈચ્છુક છે. ધોનીની ટીમ જીત સાથે શરૂઆત કરી ચુકી છે. પાકિસ્તાન આવતીકાલે પ્રથમ મેચ આ કપમાં રમનાર છે.

## આક્ષેપબાજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાષણને જારી રાખીને કહ્યું હતું કે, સંઘના કટ્ટર સમર્થકો તેની પાછળ રહેલા છે. માયાવતીએ કહ્યું હતું કે, અલ્હાબાદ હાઈકોર્ટના જજ જે તપાસ કમિટિમાં એક માત્ર સભ્ય છે તે દલિત જાતિના નથી. એકથી વધારે સભ્યો પણ તપાસ સમિતિમાં રાખી શકાયા હોત. આનાથી સરકારની દલિત વિરોધી નીતિસ્પષ્ટપણે નજરે પડે છે.

## ટેબલેટ મુકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સી સી ટી વી કેમેરાથી સજ્જ કરવા માટે પણ સુચના આપવામાં આવી હતી. જો કે જિલ્લાના ૨૦૦ જેટલા પરિક્ષા ખંડોમાં હાલની સ્થિતિએ સી સી કેમેરાની સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાનુ પણ ધ્યાને આવતા આ પરિક્ષા ખંડોમાં ટેબલેટ મુકવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લામાંથી ધોરણ ૧૦માં ૩૯૮૧૬, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩૮૬૯ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૮૧૦ વિદ્યાર્થીઓ પરિક્ષામાં હાજરી આપશે. પરિક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. જયારે કોઈપણ મુંઝવણ માટે વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન પણ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે ફોન નં-૬૫૭૨૯૧૪૯૫૨ સંપર્ક કરવા માટે જણાંવાયુ છે.

## ચેરમેનોની નિયુક્તિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચ્યા હતા. જોકે મામલો થાળે પડી ગયાની જાહેરાત થતાં જ શ્રી દિનેશ ઠાકોરે ચેરમેન બનવાની તૈયારી બતાવી હતી.

આ ઉગાઉ અપીલ સમિતિના ચેરમેન તરીકે પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરની ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે શ્રી ડી.એસ. ચારેલની તેમજ ખેતીવાડી અને ઉત્પાદન સહકાર સમિતિના ચેરમેન તરીકે શ્રીમતિ રાજીબેન ઠાકોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની રચાયેલી છ સમિતિઓ પૈકી બે નિવૃત્ત સરકારી કર્મચારીઓ ચેરમેન બન્યા છે. શ્રી એસ.એન. પરમાર સરકારી મધ્યસ્થ પ્રેસમાં ફરજો બજાવતા હતા તો શ્રી ડી.એસ. ચારેલ જિલ્લા જમીન-માપણી કચેરીમાં અધિકારી તરીકે ફરજો બજાવતા. આ ઉપરાંત આ પંચાયતમાં પણ ખેતીવાડી-ઉત્પાદન-સહકાર સમિતિનું ચેરમેનપદ નાના ચિલોડાની બેઠક પરથી વિજયી થયેલ મહિલા સદસ્યા રાજીબેન બળદેવજી રાઠોડની નિયુક્તી કરી છે. હવે બાકી રહેલ ત્રણ સમિતિઓ શિક્ષણ, બાંધકામ અને આરોગ્યની પ્રથમ બેઠકો સોમવારે મળશે જેમાં ચેરમેનોની નિયુક્તીનો દોર આગળ ચાલશે.

## લોન્ચ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાંવ્યુ હતુ કે સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રિસર્ચ ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે સ્પેસનો અભ્યાસ પણ જરૂરી છે.સંસ્થાના ડો રાજમલ સ્પેસ સાયન્સનુ પ્લેટફોર્મ પુરુ પાડવા માટે વિવિધ ૧૦ જેટલા કાર્યક્રમ સંદર્ભે કામ કરી રહયા છે. આ કાર્યક્રમમાં પી આર એલના ડાયરેકટર ડો ઉત્સવ પરમાર,કડીના રિસર્ચ ડીન ડો રાજમલ જૈન, તપન મિશ્રા, કેળવણી મંડળના પ્રમુખ ડો કનુ પટેલ, ડો ડી ટી કાપડીયા સહીતના મહાનુભાવો પણ હાજર રહયા હતા.

## ગાંધી ૧૦૦

● ૪ પાનાનું ચાલુ...

બતાવી શકતા હોય, બેકાર ગરીબોને માટે વધારે સારો ધંધો બતાવી શકતા હોય તો બતાવે. જો તેઓ ન બતાવી શકતા હોય તો આ મોટી વધતી જતી ખાદી પ્રવૃત્તિ જે જેટલી રાજકીય છે તેટલી જ નૈતિક અને આર્થિક છે તેને ઉત્તેજન આપશે - એની નૈતિક અને આર્થિક અસર તાત્કાલિક અને પ્રત્યક્ષ છે, રાજકીય અસર દૂર જણાનારી અને પહેલી બેના પરિમામ રુપે છે, એ બેથી સ્વતંત્ર તો નથી જ!’

ગાંધી આગળ વધતા કહે છે, ‘અદાલતના હુકમથી જે કરજ ભરી દેવાં પડે તેના કરતાં પહેલાં અદા કરવાં જોઈએ એવાં ધર્મત્રણ છે. કાંતવાનું લવાજમ એએક રાષ્ટ્રીય ધર્મત્રણ છે.’

(લેખક - ગુજરાત કૉલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## પોતાની જ જાળમાં...

● ત્રીજા પાનાનું ચાલુ


દિપસિંહે મોબાઈલ પર વાત કરી તે રેકોર્ડીંગના અંશો આ મુજબ છે...! વેસ્ટ બંગાલમાં કોઈ શખ્સને ફોન કર્યા બાદ તેણે ઉપાડયો એટલે દિપસિંહે હિન્દીમાં વાત કરી કે ‘મેં ગુજરાત તે બોલ રહા હું...!’ જવાબ આવ્યો ‘બોલો’ દિપસિંહે કહ્યું કે ‘મંજુ ઔર ગુડીયા કો ફસાને કે લીયે મૈને ખુદ યહા પર એક કાંડ કર દીયા હૈ...!’ જવાબ આવ્યો ‘કૌન સા કામ?’ ‘એક આદમી કા કતલ કર દીયા હૈ ઓર ઉસકી જેબમેં ગુડીયા કા ફોટો રખ દીયા હૈ ઓર ઉસ પર મેરે દો મોબાઈલ નંબર લીખે હૈ! જો મેરે ખુદ કે નામ કે હૈ... જીસ સે પુલીસ મુજે પકડેગી ઔર મે પુલીસ કે સાથ વહાં પર આઉંગા ઔર ભેંટ દેંગે!’ દિપસિંહે વાત કરતા જ તેણે કહી દીધું કે ‘મીલ કે બાત કરતે હૈ...!’

**જાહેર નિવિદા નં. ૧૫ સને ૨૦૧૫-૨૦૧૬**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. દ્વારા વિજળીકરણને લગતા ૩ કામો જેની અંદાજીત કિંમત રૂ. ૭૬,૦૫૩.૦૦ થી રૂ. ૯૯,૮૯૯-૧૦ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૪/૩/૨૦૧૬ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૧૧/૩/૨૦૧૬ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. માહિતી/૨૬૮૭/૨૦૧૫-૧૬


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**આદિવાસી સમુદાયના સમુત્કર્ષ માટે અંદાજપત્રમાં રૂા.૧૭૭૯.૪૩ કરોડની જોગવાઈ**



**પરંપરાગત આદિવાસી હાટ અને સંસ્કૃતિ સંવર્ધનથી રોજગારીને પ્રોત્સાહન**






- ૧૪,૦૦૦ આદિજાતિ યુવક-યુવતીઓને વ્યવસાયિક તાલીમ આપવા તથા ધરમપુર ખાતે વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરના નિર્માણ માટે રૂા.૧૧.૭૪ કરોડની જોગવાઈ
- વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિના યુવક-યુવતિઓને રોજગારલક્ષી કૌશલ્ય તાલીમઃ ૪૧૬૨ યુવક-યુવતિઓ તાલીમબદ્ધ
- નોકરીઓમાં ભરતીની તકો પુરી પાડી રોજગાર સાથે જોડવાનો રાજ્ય સરકારનો સ્તુત્ય પ્રયાસઃ પ્રાયોજના વિસ્તારમાં આદિજાતિના શિક્ષિત યુવક-યુવતીઓને ગૌણ સેવા ભરતી, સરકારી નોકરીઓ અને બેંકીગ રીક્રુટમેન્ટની સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચીંગ વર્ગોઃ વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૨૫૪ યુવક-યુવતીઓને તાલીમ
- ૮,૨૮૬ આદિજાતિ શિક્ષિત યુવક-યુવતીઓને પોલીસ અને પેરામીલીટરીની તાલીમ
- અનુસૂચિત જનજાતિના લોકોને પોતાના ઉત્પાદનોનું વેચાણ માટે યોગ્ય બજાર મળે અને આર્થિક રીતે પગભર થઈ શકે તે માટે ૧૪ હાટ બજારો સ્થાપવાની યોજના મંજૂર
- પીઠોરા પેઈન્ટીંગ, વાર્લી પેઈન્ટીંગના કલા વારસાને ઉજાગર કરવા તાલીમ અને સ્પર્ધાઓનું આયોજનઃ આ કલાશૈલીને વ્યવસાયિક સ્વરૂપ આપી તેના સંવર્ધન માટે વિશેષ પ્રયાસો
- આદિવાસી સંસ્કૃતિ અને કલા વારસાનું સંવર્ધન : વિશેષ કલા કારીગરી, હસ્તકલા અને નૃત્ય પરંપરાનો શહેરી વિસ્તારોમાં પ્રચાર-પ્રસાર થાય અને આદિવાસી કલાકારો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ થકી વ્યાપક રોજગારી મળી રહે તે હેતુથી વિશેષ ટ્રાયબલ ક્રાફ્ટ ટ્રેડ ફેરનું આયોજન
- રૂા.૩.૧૩ કરોડની જોગવાઈ સાથે આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે ઝાલોદ, ઉચ્છલ, વાલોડ, બોડેલી, વાંસદા, મોટાપૌંઢા, મહેસાણા, ઈડર, વાઘોડિયા તથા લુણાવાડા ખાતે ૧૦ નવા સરકારી કન્યા છાત્રાલયો શરૂ થશે

**યોજનાકીય લાભો મેળવવા કરો સંપર્કઃ**
કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
સબંધિત જિલ્લાની પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી અને
મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરી

માહિતી ૨૦૧૫-૧૬ (૫૨)

“વનવાસી વિસ્તારો અને વનવાસી સમુદાયો સુધી વિકાસની નવતર આબોહવાનું નિર્માણ થયું છે, શિક્ષણ, રોજગારી, આર્થિક ઉન્નતિ અને સામાજિક ઉત્થાનની અનેકવિધ યોજનાઓ દ્વારા આદિવાસી સમુદાય વિકાસની મુખ્ય ધારામાં આવ્યો છે.”

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat